

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*સ્વૈચ્છાઓ માર ખાવા 'બોક્સિંગ' ખેલ ખેલાય છે.*
*ચૂંટણી ફંડ સ્વરુપે ખંડણી ખેલ ખેલાય છે,*
*અપાય છે વચન વાયદા અને સંરક્ષણનાં -*
*છડેચોક લાંચની રમતના ખેલ ખેલાય છે.*

હાઈકુ

*છે ખૂલ્લંખૂલા*
*ધાક-ધમકી-લૂંટ*
*ચૂંટણી ફંડ*

*ચૂંટણી ફંડ*
*સામૂહિક દુષ્કર્મ*
*- જ કહેવાય !*

### ચિંતન

**વેષં ન વિશ્વસેત્પ્રાજ્ઞો વેષો દોષાય જાયતે ।**
**રાવણો ભિક્ષુવેષેણ જહાર જનકાત્મજામ્ ॥**

**ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.**

**આજના યુગમાં વેશ-પહેરવેશ પર ડાહ્યા બુદ્ધિમાન પુરુષો વિશ્વાસ રાખતા નથી. વેશથી ઘણા ઉપદ્રવ, મુશ્કેલી, આપત્તિઓ આવે છે. રાવણે ભિક્ષુકનો વેશ ધારણ કરી, સીતામાતાનું હરણ કર્યું હતું એન 'રામાયણ' સર્જાઈ હતી. આજના જમાનામાં વેશ પરિધાન પર ખાસ ધ્યાન આપવામાં આવે છે. જેમ શાળાઓમાં યુનિફોર્મ હોય છે તેમ ધર્મ-સંપ્રદાય - ધાર્મિક જૂથો, પરિવારો બધાએ પોતપોતાના પરિવેશ નક્કી કરી નાખેલાં જોવા મળેલ છે. આ નેતાઓ, ધાર્મિક ગુરુઓ, કલાકારો (ઝભ્ભો-લેંઘો-થેળો) શિક્ષકો, સાહેબો બધાના અલિખિત નિયમ જેવા પરિવેશ નિશ્ચિત થયા છે. પરિણામે એ એવા જ લાગે, હોય નહીં તે જુદી વાત.**

**બુદ્ધિમાનો વેશનો વિશ્વાસ નથી કરતા. મામસ જે હોય તે અંદરથી એવા હોવું જોઈએ. બહારથી શું કેવા દેખાય એનું જરા પણ મહત્ત્વ નથી. જે અંદરથી સાચા નથી હોતા તે બહારથી સંસ્કારી-સુઘડ સ્વચ્છ અને જ્ઞાની દેખાવાના ખાસ પ્રયત્ન કરે છે.**

### સુવિચાર

- દૂસરોં કો સોતા દેખ જો આંખે જાગ કર બઢતી હૈ, વહી એક દિન ઈતિહાસ રચતી હૈ - **જીવન પ્રકાશ**
- જોશથી છલકાતા હોવ ત્યારે કોઈ હોશ વાળું એનો ગેરફાયદોના ઉઠાવી જાય એનું ધ્યાન રાખવું - **સંજય રાવલ**
- ભગવાને બુદ્ધિની કોઈ સીમા-મર્યાદા બાંધી જ નથી - **બેકન**
- લક્ષ્ય વગરનું ચિંતન, શ્રદ્ધા વગરનું નમન, વિશ્વાસ વગર વંદના, એટલે કેવળ આડંબર - **એસ. ભટ્ટાચાર્ય**
- તમને શું જોઈએ છે તે પૂછવા કે માપવા આજ સુધી કોઈ કસોટી કે સાધન શોધાયાં નથી - **રિચાર્ડ બોલેસ**
- સંબંધ હંમેશા સુખી થવા માટે નહીં, સુખી કરવા માટે બાંધવો જોઈએ - **શીશીર બંધુ**
- આજનું ઔષધ : વડની છાળને કાચા દૂધમાં પીસી ડાર્ક સર્કલ પર લેપ કરવાથી એક મહીનામાં ત્વચા નીખરી ઊઠે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક બાળક ચામડી બાળી નાખે તેવા પીસ્તાળીસ ડિગ્રીના તાપમાં ચપ્પલ પહેર્યા વગર જ ફૂલ માળા વેચી રહ્યું હતું. લેનાર લોકો એની સાથે તોલ-ભાવ કરી રહ્યા હતા. એક સજ્જન વ્યક્તિને આ ફૂલ જેવું બાળક આકરા તાપમાં વગર પગરખાએ મજૂરી કરતું જોઈ ખૂબ જ દુઃખ થયું.

તેમણે નજીકની દુકાનમાંથી ચપ્પલ લાવી બાળકને આપતા કહ્યું, 'આ ચપ્પલ તારા માટે છે, પહેલી લે.'

પેલા બાળકે ફટાફટ ચપ્પલ પહેરી લીધા. એના ચહેરા પર ગજબની ખુશી હતી, તે બાળકે પેલા સજ્જનને પૂછ્યું, 'શું તમે ભગવાન છો ?' પેલા સજ્જન કંઈ સમજી શક્યા નહીં. તેમણે કહ્યું, 'નાના બેટા, હું ભગવાન નથી.' પેલા છોકરો બોલ્યો, 'તો પછી તમે ભગવાનનું માણસ હશો, કારણ કે મેં ગઈકાલે રાત્રે જ ભગવાનને કહ્યું હતું કે, તાપમાં મારા પગ ખૂબ જ બળે છે, મને ચપ્પલ અપાવી દેજો.' પેલા સજ્જન હસ્યા અને બાળકના માથા પર હાથ ફેરવી પોતાના ઘર તરફ ચાલી નીકળ્યા. હવે એ સજ્જન જાણી ચૂક્યા હતા કે, ભગવાનના માણસ બનવું કેટલું સહેલું છે.

# તાલિબાન શાસન આવશે તો આતંકવાદ વકરશે

**તંત્રીસ્થાનેથી...**

અફઘાનિસ્તાન નામે ઓળખાતો પહાડી મુલક કયારેક 'ગાંધાર દેશ' તરીકે આર્યાવર્તનો જ એક મહત્તવનો હિસ્સો હતો. પશ્ચિમી વિદ્વાનોના મતાનુસાર હિંદુકુશ પર્વતમાળા ઓળંગીને મધ્ય એશિયામાંથી આર્ય પ્રજાનાં ધાડે ધાડાં આપણાં ગંગાજમાનાનાં મેદાનો તરફ ધસી આવ્યાં હતા. અફઘાનિસ્તાનમાં આજે પણ કંદહાર કાબુલ પછીનું સૌથી મહત્ત્વનું નગર છે. 'કંદહાર' એ 'ગાંધાર'નું અપભ્રંશ છે. રવીન્દ્રનાથ ટાગોરની અતિપ્રસિદ્ધ વાર્તા 'કાબુલીવાલા' કોણે નહીં વાંચી હોય ? આપણા સ્વાતંત્ર્ય સંગ્રામ વખતે ગાંધીજી સાથે ખભેખભા મિલાવીને લડેલા પખ્તૂન નેતા 'સરહદના ગાંધી' ખાન અબ્દુલ ગફારખાન પણ મૂળે તો પઠાણ જ. આ બહાદુર કોમ અત્યારે અંદરોઅંદર લડી રહી છે. પાકિસ્તાન, ચીન, ભારત અને ઈરાન તથા જૂના રશિયાને અડકતી આ દેશની સરહદો એને અતિ સંવેદનશીલ પ્રદેશ બનાવી મૂકે છે. તાલિબાને બે તૃતીયાંશ અફઘાનિસ્તાન પર કબજો મેળવી દીધો છે. મજારે શરીફમાંથી ભારતીય દૂતાવાસ એમ્બેસીએ બધાં ભારતીય નાગરિકોને અફઘાનિસ્તાન છોડી દેવાની સૂચના આપી છે અને એમના માટે ખાસ વિમાનોની વ્યવસ્થા કરી છે. અમેરિકન સેનાએ ક્રમશઃ પાછા ફરવાનું શરૂ કર્યું ત્યારથી તાલિબાન જોરમાં આવી ગયાં છે. દસેક રાજયો (પ્રાંતો)ની રાજધાનીઓ પર તાલિબાનોનું શાસન સ્થપાઈ ચૂક્યું છે અને હવે કાબુલ પડે એટલી વાર. તાલિબાન કાબુલથી ફક્ત સવાસો કિ.મી. જ દૂર છે. અફઘાન સરકાર પર ધ્રૂજી ગઈ છે. ઠેરઠેર અફઘાન સેના અને પોલીસ રોજેરોજ તાલિબાનને શરણે જઈ રહી છે. તાલિબાન જેલો પર કબજો મેળવી અફઘાન સરકારે કેદ કરેલા એના આતંકવાદીઓને છોડાવી રહી છે. આખા દેશમાં ભયનો માહોલ પ્રવર્તી રહ્યો છે અને પાડોશી દેશોમાં શરણાર્થીઓ તરીકે જીવ બચાવવા ઘૂસવા માગતા નિર્દોષ પ્રજાજનોની કતારો લાગી ગઈ છે. ડોલાન્ડ ટ્રમ્પે એમના શાસનકાળ દરમિયાન વચન આપેલું કે અમેરિકા અફઘાનિસ્તાનમાં રોકાયેલા એના સૈન્યને પરત બોલાવી લેશે. દુનિયા ખાતર આપણા જવાનોને શહીદ થવા દેવાય નહીં અને આપણે આર્થિક મંદી અનુભવતા હોઈએ ત્યારે ગરીબ દેશો પર વરસી જવાય નહીં. ટ્રમ્પના અનુગામી રાષ્ટ્રપ્રમુખ જો બાઈડને એ કૂટનીતિનો જ અમલ કરવા માંડ્યો જેનું પરિણામ એ આવ્યું કે અફઘાનિસ્તાનની વર્તમાન સરકાર સામે અત્યાર લગી શાંત રહેલો તાલિબાને એક સામટા હુમલા કરીને એવી સ્થિતિનું સર્જન કર્યું છે કે સરકાર ગબડવાની તૈયારીમાં છે અને ફરી પાછું અગાઉ જેવું તાલિબાની શાસન સ્થપાય તો આખો મુલક કટ્ટરવાદી ઈસ્લામિક રાષ્ટ્ર તરીકે આખી દુનિયા માટે મોટી સમસ્યા બની રહે એમ છે. આથી ખુદ અમેરિકા હવે તાલિબાનો સાથે સમાધાન ઈચ્છે છે. પોતાની એમ્બેસી પર તાલિબાનો હુમલો ન કરે એવી વિનંતી કરીને અમેરિકાએ ભવિષ્યમાં સ્થપાનારી તાબિલાન સરકાર પર આર્થિક પ્રતિબંધો નહીં લાદવાના આડકતરા સંકેતો આપી દીધા છે. બીજી તરફ અફઘાનિસ્તાનની અશરફ ગનીની નેતૃત્વવાળી સરકારે પણ તાલિબાનોને સત્તામાં ભાગીદારીની ઓફર કરી યુદ્ધ અટકાવવાનો પ્રસ્તાવ કરી દીધો છે. જો કે તાલિબાનો અમેરિકા અને ચીન તથા રશિયા સાથે મધુર સંબંધો રાખવાનું મહત્ત્વ પણ સમજે જ છે. એટલે જો અફઘાનિસ્તાનમાં એમની સરકાર બની જાય તો એને માન્યતા મેળવવા પણ આ મહાસત્તાઓના સહકારની જરૂર તો પડવાની જ છે. કટ્ટર ઈસ્લામિક સ્ટેટમાં પેરવી દઈને તાલિબાનોએ અફઘાનિસ્તાનની જે દુર્દશા કરી હતી તે સર્વવિદિત છે. અત્યારે પણ તેઓ જયાં જયાં કબરો કરે છે ત્યાંની મદરેસાઓના મૌલવીઓને ૧૨ થી ૪૫ વચ્ચેની સ્ત્રીઓની યાદી આપવાની ફરજ પાડે છે. આવી સ્ત્રીઓ તાલિબાન લડાકુઓના મનોરંજન માટે મોકલવી પડે છે. પાકિસ્તાન આર્મીએ અત્યાર સુધી તાલિબાનોને ટ્રેનિંગ પૂરી પાડી છે પણ હવે એ જ તાલિબાન પાકિસ્તાન માટે પણ લટકતી તલવાર બની રહેલ છે. અફઘાનિસ્તાનની વર્તમાન સરકાર સાથે ભારતના મીઠા સંબંધો છે. તાલિબાન સત્તા પર આવશે તો ભારતમાં આતંકી હુમલા વધશે અને કાશ્મીર એનું એપીસેન્ટર બની રહેશે. ભારતને તો તાલિબાન શરૂથી જ કાશ્મીર મુદ્દે તથા હિંદુત્વના મુદ્દે કટ્ટર દુશ્મન જ માને છે. ભારતે અફઘાનિસ્તાનના વિકાસ માટે અબજોની લ્હાણી કરી છે જે તાલિબાન શાસન દરમિયાન નષ્ટભ્રષ્ટ થઈને રહશે તે નક્કી છે. દાનિશ જેવા આંતરરાષ્ટ્રીય પ્રેસ ફોટોગ્રાફરની હત્યા એટલા કારણસર જ થઈ હતી કે એ ભારતીય હતો.

# ડેન્ગ્યુ PCR ટેસ્ટ સૌથી વધારે સેન્સેટીવ ટેસ્ટ છે




**તન દુરસ્તી**

મહેન્દ્ર ગજ્જર

- **નાનામાં નાનો અથવા ઓછામાં ઓછો ડેન્ગ્યુનો વાયરસ હોય તો પણ PCR ટેસ્ટ પોઝિટિવ આવે છે.**
- **મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા અને કોરોના અને સ્વાઈન ફ્લુ PCR વધારે ચોકસાઈથી PCR મેથર્ડથી જ પોઝીટીવ આવે છે.**

આજે ડાહ્યાલાલ અને ગાંડાલાલ બંને રડા ઉપરથી પાછા પરત આવી ગયા. બંને મજામાં હતા. બંને જણા આબુ-ઉદેપુર, અંબાજી ફરીને પાછાં આવ્યા. ગાંડાલાલ બહુ જ મૂડમાં હતા. ડાહ્યાલાલ થોડા શાંત હતા. ગાંડાલાલે કહ્યું, અરે યાર ! જયાં જુઓ ત્યાં ગુજરાતી અંબાજીમાં તો ગુજરાતી હોય જ. ગુજરાતાં ગુજરાતી ના હોય તો કોણ હોય પણ ઉદેપુર અને માઉન્ટ આબુમાં ગુજરાતી જ ગુજરાતી. જાણે એવું લાગે કે માઉન્ટ આબુ અને ઉદેપુર ગુજરાતમાં સમાઈ ગયા હોય... અરે ! ખાલી ગુજરાતમાં દારૂબંધી છે અને રાજસ્થાનમાં નથી. ગાંડાલાલે કહ્યું એટલે મજા કરવાની અને ગુજરાતમાં ન મળે એ પીવાનું, વિપુલથી રહેવાયું નહી.... એટલે ગુજરાતી લોકો આબુ અને ઉદેપુર જાય એટલે માની જ લેવાનું કે એ પીવા માટે જ જાય ! ડાહ્યાલાલથી હવે રહેવાયું નહી... ભાઈ ! ના આવું બધું નથી હોતું. બધાં માણસો ખાલી પીવાના બહાને આબું નથી જતા. લોકો કુટુંબ સાથે ફરવા જાય છે. જેને પીવાની ટેવ હોય એને તો અહીંયા પણ ળી જ રહે છે. હાં... પણ હેલ્થ પરમિટ હોવી જોઈએ નિલેષ બોલ્યો. આપણે આ વિષયમાં લાગતું - વળગતું નથી તો શેના માટે ચર્ચા કરીએ છીએ. આપણે કારણ વગરની ચર્ચાઓ કરીએ છીએ. આપણે અહીંયા એકબીજાનું જ્ઞાન વધે એટલે ભેગા થઈએ છીએ. હા! ડાહ્યાલાલે કહ્યું, આમ તો આપણે આવી ચર્ચા કરતા જ નથી. પણ હું એ ગાંડાલાલ આબુ ઉદેપુર અને શ્રીનાથજી અને અંબાજી જઈ આવ્યા. એટલે અમથી વાત. હમણાં અહિંયા એટલે કે ગાંધીનગરમાં કોરોના કાબૂમાં છે. હા ! કયાંક કયાંક કોરોના પોઝીટીવ આવે છે.તેની સાથે કયાક કયાક સ્વાઈન ફલૂ ($H_1N_1$) પોઝીટીવ આવે છે. મેલેરિયા પોઝીટીવ આવે છે. ડેન્ગ્યુ પોઝીટીવ આવે છે. અરે ભાઈ ! હમણાં તો ખરું થયું. અમારી બાજુમાં એક સોનલબેન પરમાર રહે છે. એમને સામાન્ય તાવ આવ્યો. પહેલાં ડૉક્ટર પાસે બતાવવા ગયા. ડૉક્ટરે બરાબર તપાસીને દવા આપી અને કહ્યું અત્યારે તો મેલેરિયા અથવા તો વાયરસનો ચેપ છે. ૨ દિવસ પછી સોનલબેનની તબિયત વધારે ખરાબ થઈ ગઈ; ડૉક્ટરને ફરીથી બતાવવા ગયા. ડૉક્ટરે કહ્યું હવે લોહી ટેસ્ટ વગર ખબર નહીં પડે. ડૉક્ટરે CBC, SGPT, Widal અને ડેન્ગ્યુ રેપીડ ટેસ્ટ કરાવ્યા. લેબોરેટરીમાં જઈને સોનલબેને લોહી આપી દીધું. સાંજે રિપોર્ટ લઈને ડૉટટરને બતાવ્યો. જેના ઉપરથી ડૉક્ટરે કહ્યું, મને તો ડેન્ગ્યુ જ લાગે છે. કારણ કે પ્લેટલેટ કાઉન્ટ ઓછા છે. અને એકિટવેટેડ લિન્ફોસાઈડ અથવા T એપિટિકલ લિન્ફોસાઈડ દેખાય છે. એટલે તો ડેન્ગ્યુ હોવાની સંભાવના પૂરેપૂરી છે. ચલો Rapidમાં નેગેટિવ છે. તો Elisa થી લોહીને ટેસ્ટ કરાવીએ. લેબોરેટરીમાં વીસીટ માટે બોલાવ્યો. લેબોરેટલી વાળાએ કહ્યું, અરે એક કલાકમાં રિપોર્ટ મળી જશે. સાંજે સોનલબેનનો રિપોર્ટ નેગેટિવ આવ્યો. ડૉક્ટરને બતાવવા ગયા. ડૉક્ટર પરી ચમક્યા. ડૉક્ટર ફરી CBC નો ટેસ્ટ કરાવ્યો. ટેસ્ટમાં પ્લેનનેટ કાઉન્ટ ઓછા આવે. ડૉક્ટરે કહ્યું, મને તો આ ડેન્ગ્યુ જ લાગે છે. પ્લેટનેટ કાઉન્ટ ૪૦૦૦૦ થી ઓછા છે. એટલે ચિંતાનું કારણ છે હવે આપણે ડેન્ગ્યુ PCR મેથર્ડથી ટેસ્ટ કરાવીએ. દર્દીને જરા ન ગમે. આ જરાક મજા નથી આવતી. વારંવારે લોહી ટેસ્ટ શું કરવાના. ડૉક્ટરે કહ્યું કે જરૂરીછે. દવામાં ફરક પડે છે ન પડે નિદાન થવું જોઈએ. હવે ડેન્ગ્યુ PCR ગાંધીનગરમાં બધી લેબોરેટરી વાળાં કરતાં નથી. ડૉક્ટરે તપાસ કરીને જે લેબોરેટરી વાળા ડેન્ગ્યુ PCR કરતા હતા. લેબોરેટરીવાળાએ ૨૦૦૦ રુપિયા લઈને ડેન્ગ્યુ માટે લોહી લીધું. લેબોરેટરીએ ૫ કલાકમાં રિપોર્ટ આપ્યો. જેમાં ડેન્ગ્યુ PCR પોઝીટીવ આવ્યો. ડૉક્ટરે કહ્યું કે સોનલબેનને ડેન્ગ્યુ છે. ગાંડાલાલથી રહેવાયું નહીં. પહેલાં ડૉક્ટરે PCR ડેન્ગ્યુ કરાવ્યો. પછી Elisha કરાવ્યો. અને છેલ્લે PCR ડેન્ગ્યુ કરાવ્યો. તો PCR ડેન્ગ્યુ પહેલાં કેમ ન કરાવ્યો ? ડાહ્યાલાલે કહ્યું, PCR ડેન્ગ્યુ બહુ જ ઓછી લેબોરેટરી કરે છે. અને ગાંધીનગરમાં તો એક જ લેબોરેટરી કરે છે. એટલે ધીમે ધીમે ડૉકટરો અને દર્દીઓને ખબર પડશે. તેમ વધારે લોકો કરાવશે. શરુઆતમાં સ્ટેજમાં PCR થી ટેસ્ટ કરાવવામાં આવે તો સાચું નિદાન ધડપથી થાય. જેમ ડેન્ગ્યુ PCR થાય છે તેવી જ રીતે મેલેરિયા PCR, ચિકનગુનિયા PCR, કોરોના PCR અને સ્વાઈન ફ્લુ ($H_1N_1$), PCR તાવ આવે તો કરાવી જ લેવા જોઈએ. જેનાંથી ડૉકટરો કોઈ અખતરાં ના કરી શકે.

# મેઘાણી : સર્વાંગી સાહિત્યના સમર્થ સર્જક



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

પેલે પેલે શબદે હુવા રણુંકારા,
ત્યાંથી રે ઊપજ્યા જમીં-આસમાના.
(સોરઠી સંતવાણી)

'શબદ'ની નિરંતર ઉપાસના કરનાર અને જેમની સવાસોમી જન્મજયંતિ ઉજવાઈ રહી છે તેવા સર્જક ઝવેરચંદ મેઘાણીને શબદ થકીજ સમગ્ર બ્રહ્માંડની ઉત્પત્તિ થયેલી જણાય છે. આ ગેબી 'રણુંકારા' ની તેમની પ્રતિતિ છે અને તે તેમનામાં ઊંડે સુધી વિસ્તરેલી છે. આ શબદ કે શબ્દની આંગળી પકડીને મેઘાણી વિચર્યા છે અને વિકસ્યા છે. તેમણે રાજકોટમાં મળેલા સાહિત્ય પરિષદના અધિવેશનમાં (૧૯૪૬) કહેલું કે શબ્દ કલા એજ લેખકનું સાધન છે. જીવનદર્શનનું રહસ્ય અથવા સ્વપ્રતિતિને શિલ્પ જેવા સુંદર શબ્દોના ફૂલડાં થકી પ્રગટાવવાનો સર્જક ધર્મ છે. એજ તો એ સર્જકનું ચાલકબળ છે કે તેનું સાધ્ય છે. અન્ય જનોને આ શબ્દો થકી આનંદીત કરવાના તેના પ્રયાસ છે. માનવીના હૈયામાં શબદ સરવાણીના બળે ભિન્ન ભિન્ન ભાવો પ્રગટાવવાનું કવિ કર્મ તેથી પવિત્ર ગણાયું છે.

મેઘાણી લોકના માણસ હતા. મેઘાણીના સંદર્ભમાં મહાકવિ નર્મદના જીવનકાર્યની પણ સ્મૃતિ થાય છે. માત્ર પાંચ દાયકાના આયુષ્યમાં નર્મદ સમાજ તથા સાહિત્યની મોટી સેવા કરીને ગયા. અજ્ઞાન તથા જડતા સામે ઝઝૂમનાર નર્મદ કદી થાક્યા કે હાર્યા નથી. આજ રીતે ટૂંકા આયખામાં એકલા હાથે અને મર્યાદિત સાધનો સાથે વિવિધતાપૂર્ણ લોકસાહિત્યને રખડી – રઝળીને મેઘાણીએ એકત્રિત કર્યું હતું. સંશોધક – સંપાદક – સર્જક તથા વિવેચક અને જાગૃત પત્રકાર તરીકે અનેકવિધ કામગીરી મેઘાણીએ કરી. શારીરિક કે સાંસારીક તકલીફોના કડવા ઘૂંટડા મુંગા મોંએ પીને જગતને અમૃતનું પાન કરાવી ગયા. મેઘાણીના મણિમહોત્સવ નીમીત્તે ચોટીલામાં યોજાયેલી એક વિશાળ સભામાં દર્શકે કહ્યું કે મેઘાણી તમારો (એટલે કે લોક સમુહનો) માણસ છે તેમ માની તમે કલાકોથી શાંત થઈને બેઠા છો. પછી લોક સમુહને સંબોધતા દર્શકદાદા ઉમેરે છે : "મેઘાણીએ તમને તમારો પરિચય કરાવ્યો. આ એક મોટા સેતુબંધનું કામ હતું તેમજ અમને પણ તમારો પરિચય કરાવયો." સમાજના તમામ વર્ગોની એકબીજા પરત્વેની સદ્ભાવના પ્રગટાવવાનું આ ગાંધીને પ્રિય તેવું કાર્ય મેઘાણીએ અંતરના ઊંડા ઉમળકાથી કર્યું. પૂર્વગ્રહના કે ગેરસમજના તાણાંવાણાં મેઘાણી થકી ક્ષીણ બન્યા. ભણેલા લોકને લોકાભિમુખ થવા પ્રેર્યા. 'ભેદની ભીંતો ભાંગવાનો' આ મહાયજ્ઞ હતો.

હે જી ભેદની ભીંત્યુને આજ
મારે ભાંગવી, મનડાની આખરી ઉમેદ.

એક સૂત્રપાત જેવું વિધાન દર્શક અહીંજ કરે છે. " મેઘાણીને વાંચ્યા પછી કોઈ માણસ સામાન્ય જનનો તિરસ્કાર કરી શકશે નહિ." મેઘાણીની સામાજિક નવલકથાઓમાં પણ લોકસમાજના સંસ્કારની પરંપરાનો પ્રભાવ જોઈ શકાય છે. તેને માણી શકાય છે.

મેઘાણી તથા તેમના લોકસાહિત્યના અનોખા પ્રદાન માટે અનેક વાતો કહેવાયા કરે છે. લખાયા પણ કરે છે, પરંતુ આજ પ્રકારે લોક તેમજ લોક સાથે સંબંધિત સામાજિક બાબતોને કેન્દ્રમાં રાખીને મેઘાણીએ સુંદર તેમજ વિચારપ્રેરક સામાજિક નવલકથાઓનું સર્જન કરેલું છે. "નિરંજન" "વેવિશાળ" કે "તુલસીક્યારો" જેવી નવલકથાઓ સમાજરચના તેમજ સામાજિક પ્રવાહોના તાણાંવાણાંમાં ગૂંથાયેલી છે. મેઘાણીનો સાહિત્ય વિચાર જીવનની બધી બાજુઓને સ્પર્શીને આગળ વધતો હોય તેમ જણાય છે. આથી સામાજિક નવલકથાઓ પણ આવાજ એક જાગૃત સ્પર્શની પ્રતિતિ કરાવે છે. તેમનો સાહિત્યનો વિચાર વિશાળ અર્થમાં છે. સાહિત્યને કોઈ નિશ્ચિત ઢાંચામાં ઢાળવાનો કે વાડા ઊભા કરવાથી તેઓ ઘણાં દૂર રહેલા છે. "સાહિત્ય એટલે મુંબઈના મહોલ્લામાં કોઈ ત્રીજા માળ પરે માંડમાંડ દંદુડી પાડતા નળનું પા – અરધી ડોલ પાણી નહિ, સાહિત્ય એ તો સાગરવેળ : જીવનના વિશાળ ક્ષેત્રના અણુએ અણુને પલ્લવિત કરી મૂકે." (પરિભ્રમણ : મેઘાણી)

સર્જક ઝવેરચંદ કૃત "વેવિશાળ" નવલકથા તે સમયકાળમાં વાચકો તેમજ વિવેચકોના તમામ વર્ગોએ વખાણી હતી તેમજ વધાવી હતી. ફરી અહીં પણ સમાજજીવનની પાયાની બાબતોને કેન્દ્રમાં રાખીને કથાની સુરેખ ગૂંથણી કરવામાં આવી છે. ઓગણીસમી સદીના સૂર્યાસ્ત તેમજ વીસમી સદીના સૂર્યોદયની સંધીક્ષણને અજવાળે આ કથા મહોરી છે. તે કાળના ગામડાઓમાં ધીમે ધીમે અવ્યવસ્થાના દોરનો ઉદય થતો હતો. ગામડામાં થોડા પણ સ્થિતિ સંપન્ન હોય તેવા લોકો વિશેષ બે-પાંદડે થવાની આશાએ શહેરો તરફ ગતિ કરતા હતા. આર્થિક તેમજ સામાજિક તેમ બન્ને કારણો તેના મૂળમાં હતા. કેટલાક વેપારી કુટુંબો શહેરમાં આવીને વસે ત્યારે ઘણો સંઘર્ષ કરીને શહેરનો પડાવ મજબૂત કરવાના પ્રયાસો કરતા હતા. થોડી સ્થિરતાની પ્રતિતિ થયા પછી કુટુંબના સભ્યોને પણ ગામડેથી શહેરમાં બોલાવી લેવાની સામાન્ય પ્રથા હતી. એક સામાજિક બદલાવની પ્રક્રિયાના પ્રારંભનો આ સમય હતો. કેટલાક ઘરેડ સાથે જોડાયેલા લોકો પોતાની ગ્રામ-હાટડીને વળગી રહ્યા હતા. ગામડું એજ તેમના માટે જીવન મરણના છેલ્લા પડાવ સમાન હતું. ગામડેથી આવ્યા બાદ પોતાની મહેનતના બળે કેટલાક કુટુંબો આર્થિક રીતે વિશેષ સમૃધ્ધ થયા હતા. "માઈગ્રેશન" ની આ સમગ્ર પ્રક્રિયા માનવજીવનની ઉત્ક્રાંતિ સાથે સતત જોડાયેલી બાબત લાગે છે. સૌરાષ્ટ્રમાંથી આવીને મુંબઈમાં સ્થાયી થયેલા આવા સુખી પરિવારો ધીરે ધીરે શહેરીકરણની અસર હેઠળ આવતા જાય છે. ગ્રામ પરંપરાથી ધીરે ધીરે તેમનો સંબંધ ઓછો થતો જાય છે. "વેવિશાળ" કૃતિ તરફ નજર કરીએ તો આવા બે વણિક પરિવારોની આ રસપ્રદ કથા છે.

મેઘાણી જીવનના માત્ર પાંચ દાયકાના આયુષ્યમાં એક યુગકાર્ય કરીને ગયા. સાહિત્યના અનેક ક્ષેત્રોને તેમણે ઉજાળ્યા. કવિ ઉમાશંકર જોશીએ મેઘાણી માટે કહેલી વાત સર્વથા ઉચિત છે. તેઓ લખે છે : "મેઘાણી એટલે સાક્ષાત સૌરાષ્ટ્ર. પચાસ વરસ સૌરાષ્ટ્રની ધરતી મેઘાણીના દેહરૂપે સૌની વચ્ચે વિહરીને પોતાના કેવા હૈયા –ધબકાર રેલાવી ગઇ ! એ ભૂમિનું બધું મેઘાણીની વાણીના સ્પર્શથી સજીવન થઈને ગુજરાતી ભાષામાં અમરપદને પામ્યું." (ઉમાશંકર જોશી : મેઘાણી સ્મરણ મૂર્તિ)

# શું જીવનમાં ખરેખર આવું બનતું હોય છે ખરૂં?



**સંવેદનનું સ્ટેટસ**

રમેશ ઠક્કર

એક યુવા મિત્ર મળ્યા..એમનો એક પ્રશ્ન હતો..એનો જવાબ એમને જોઈએ છે..આજકાલ ટી.વી ઉપર,સોશિયલ મિડિયા ઉપર કે અખબારોમાં અવનવી સાફલ્ય ગાથાઓ પ્રગટ થાય છે .એમાં અજબ ગજબની વાતો જાણવા મળે છે..જે માણસો સફળ અથવા તો કામિયાબ છે એમને શરૂઆતના તબક્કે કોઈને કોઈ રાહબર કે પીઠ થાબડનારી અજાણી વ્યક્તિ મળી જ જાય છે..અને એમના જીવનને જાણે અણધારી દિશા મળી જાય છે..આજના સંઘર્ષ કરતા યુવાન કે યુવતીને આ નવાઈ જેવું લાગે છે..અનેક જગ્યાએ ફાંફાં મારવા છતાં એમને આવો કોઈ ચમત્કારિક અનુભવ એમને થતો નથી ! ×કિતાબોં મૈ છપતે હૈ ચાહત કે કિસ્સે .હકિકત કી દુનિયા મૈં ચાહત નહીં હૈ..×એવો એનો અનુભવ હોય છે..

જેમ કે હમણાં એક ટી.વી.પ્રોગ્રામમાં વિતેલા જમાનાની ખ્યાતનામ અભિનેત્રીએ કહયું કે પોતે સાત આઠ વરસની ઉંમરે પોતાની બહેનપણીઓ સાથે શેરીમાં રમતી હતી ત્યારે ત્યાંથી પસાર થતી એ જમાનાની ટોચની હિરોઈનને એની અદાઓ પસંદ પડી ગઈ અને તુરત જ એક ફિલ્મમાં એને ચાઈલ્ડ આર્ટિસ્ટ તરીકે રોલ મળી ગયો !.એક જાણીતા લેખક સ્કૂલમાં ભણતા હતા ત્યારે એમની એક કવિતા જોઈ શાળામાં આવેલા એક તંત્રી એમની ઉપર ખુશ થઈ ગયેલા..અને પછી એ મોટા લેખક બની ગયા ! એક મોટા બિઝનેસમેન જ્યારે સામાન્ય ફેરી કરી ગુજરાન ચલાવતા હતા ત્યારે એમની નિષ્ઠા જોઈ એક મોટા ઉદ્યોગપતિએ એમને પીઠબળ આપ્યું અને એ પછી એ વેપારજગતના શહેનશાહ બની ગયા...આવો વાતો આપણે સાંભળીએ છીએ અને માની પણ લઈએ છીએ.પરંતુ સંઘર્ષ કરનાર વ્યકિત અથવા જેને કઠોર સંજોગોનો સામનો ખરેખર કર્યો હોય છે એ આવી વાતો માનતી નથી !

આપણે મોટાભાગે આપણી પોતાની એક આસાન જિંદગી અને એમાંથી નીપજતા ઉપરચોટિયા અનુભવોને આધારે અમુક ચીજો માની લઈએ છીએ..હકીકતમાં જીવન એ ફુલોની પથારી નથી..અહીં કોઈપણ માણસ કોઈ બીજા માણસ માટે કશું પણ રેડીમેઈડ આપતો નથી..દરેક વ્યક્તિ પોતાના એક વર્તુળમાં જીવે છે..એમાં આસાનીથી કોઈ આગંતુક પ્રવેશી શકતો નથી..તમારી પાસે કોઈ નાનીમોટી સિધ્ધિ હોય,ઓળખાણ હોય કે દેખાવ હોય તો પણ શરૂઆતના તબક્કે આકસ્મિક સ્વીકાર ભાગ્યે જ થતો હોય છે..લોકો એટલા ઉદાર દિલ કે પરોપકારી હોતા નથી..માણસમાત્ર સામેની વ્યકિતનાં નિવડયે જ વખાણ કરે છે..દુનિયાનો આ વણલખ્યો દસ્તૂર છે.

આકાશ જયારે ગોરંભાય છે ત્યારે એક પ્રચંડ ઉકળાટ એને ઘેરાયેલો હોય છે...આખો ઉનાળો ધોમધખતો તાપ અનેવ કાળઝાળ લૂ ની થપાટો પછી ગગનમાં એક ભીનાશનો પિંડ રચાતો હોય છે..આવું જ માણસના જીવનમાં પણ બનતું હોય છે..નોકરી ધંધા કે કોઈ સિધ્ધિ માટે એ મથતો હોય છે ત્યારે એની સ્થિતિ એકાકી યોધ્ધા જેવી જ હોય છે..એવા સમયે કોઈ એનો હાથ પકડે કે અચાનક રાહબર બની ટપકી પડે એ વાત ફિલ્મી કથાનક કે નવલકથાની કલ્પનાથી વિશેષ કશું જ નથી..કઠોર સંઘર્ષયાત્રા પછી પણ એક સાતત્ય સાથે માણસે કોઈપણ ક્ષેત્રમાં અડગ બની ટકી રહેવું પડે છે..અને અસહય ઉકળાટ પછી ઠંડા વાદળો ઉમટે છે એમ એનો સ્વીકાર થતો હોય છે..જીવનમાં કોઈ તમને તૈયાર ભાણું પીરસતું નથી..પોતાની થાળીને પોતે જ સજાવવાની હોય છે.

આનો અર્થ એવો પણ નથી કે જગતમાં બધે અવરોધો અને અંતરાયો જ છે..હકિકતમાં કોઈપણ બાબતે સફળ થવા માટે આપણે કાબેલ થવું પડે છે..'કલાપી કહે છે એમ સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવું પડે ! અવરોધો માણસની કસોટી કરે છે..એમાં જે આસાનીથી ચાલતા રહે એની ગતિનો લય આપોઆપ પકડાતો હોય છે..એક નક્કર આકાર એમાંથી ઘડાયો જાય છે અને એવી કોઈ પળે તમને કોઈ દાદ આપનાર મળી જાય તો એમાં નવાઈ પામવા જેવું હોતું નથી..પ્રતિભાનો ઝબકાર એ જ એના આવકારનો પાસપોર્ટ બની જાય છે..કશુંક નાટયાત્મક બનશે અથવા તો અજાણી દિશામાંથી કોઈ મદદગાર આવી જશે એવી આશા રાખવી વ્યર્થ છે.

મને સવાલ કરનારા યુવાન જેવું ઘણાના મનમાં હોય છે.એમાં શંકા ભારોભાર અને શ્રધ્ધા નહિવત જોવા મળતી હોય છે..ખૂણામાં પડેલી ગમે તેવી કિંમતી ચીજની સામે કોઈ એમ આપોઆપ જોતું નથી..દરેક રતન ચીંથરે વીંટેલું જ હોય છે..અજાણ્યા માણસની લાયકાત દેખાવ કે એના સંસ્કાર જોવા માટે કોઈને પણ એવી તાલાવેલી હોતી નથી. જીવન એવા કોઈ કૃત્રિમ તાલમેલ ઉપર ચાલતું પણ નથી..જેની પાસે સત્તા છે..સંપત્તિ છે..સફળતા છે એવા લોકો કારણવગર કોઈની ઉપર મોહી પડતા હોતા નથી..એવી ઘટનાઓ લાખોમાં એકાદ બને એનાથી એ કોઈ સર્વ સામાન્ય નિયમ નથી બનતો !

લોકપ્રિયતાને આંબી જનાર લેખક પન્નાલાલ પટેલને 'તમે બહુ જ સરસ લખી શકશો..લખો.' એવું ઉમાશંકર જોશીએ કહયું અને એ મોટા લેખક બની ગયા.એ વાતમાં એટલું જ સત્ય નથી હોતું..ઉમાશંકર જોશીએ આવું ઘણા ઉગતા સર્જકોને કહયું હશે એ બધા કંઈ જાણીતા લેખક નથી બની શકતા..! મુકેશની ગેરહાજરીમાં એનું ગીત ગાનાર નવા ગાયક મનહર ઉધાસે એવું સરસ ગાયું કે એ આપોઆપ જાણીતા બની ગયા..આવા બનાવો ફિલ્મી જગત કે ગ્લેમરની દુનિયામાં છાસવારે બનતા હોય છે..દરેક વખતે આવું નીપજતું હોતું નથી.આકસ્મિક જ કોઈ ઘટના યાદગાર બની જતી હોય છે..

માણસ જયારે કોઈ બાબતમાં સફળ થાય છે ત્યારે જો એનામાં સમજણ ના આવે તો એ આપોઆપ બોલકો બની જાય છે..પોતે કેવો સાધારણ માણસ હતો અને એકાદ વ્યક્તિ કે એકાદ પ્રસંગ કે કોઈ એકાદ પુસ્તકના પ્રભાવ થકી એના જીવનને કેવી દિશા મળી ગઈ એની રોચક કથા કહેવામાં એને મજા આવતી હોય છે..માણસમાત્રને આવી વાતોમાં રહેલું રોમાંચનું તત્વ ગમતું હોય છે..આપણા ઈતિહાસમાં અને આપણે જેને મહાન માણસો ગણીએ છીએ એવા લોકોના જીવન આસપાસ આવી વાતો એવી વણાઈ ગયેલી હોય છે કે એમાંથી એમના સમગ્ર જીવનનો સાર પામવો મુશ્કેલ હોય છે..શિવલિંગ ઉપર ઉંદર ફરતો જોઈ ટંકારાના બાળક મૂળશંકર જે પ્રશ્ન થયો એમાંથી જ ફકત એમની એકેશ્વરવાદની ફિલોસોફી આપનાર દયાનંદ સરસ્વતી બની જાય એવું પ્રત્યેક વખતે ના બને.એ માટે વેદોનો ગહન અભ્યાસ..હિંદુ ધર્મનું પરીશિલન,અન્ય ધર્મોની જાણકારી અને પવિત્ર સાધુ જીવન જેવાં કારણો મહત્વનાં હોઈ શકે..કોઈ એક બનાવ કે ઘટના આપણા જીવનમાં તણખો બની શકે..રોશનીનો ઝગમગાટ એથી આગળની સફર છે..ભાભી કે સ્વજનોનાં મહેણાં સાંભળનારા અનેક હોઈ શકે એ બધા નરસિંહ મહેતા બનતા નથી !

આપણે એ વાત સમજી લેવી જરૂરી છે કે જિંદગી એ વાસ્તવનું ગણિત છે..ભૌતિકશાસ્ત્ર જેવા એના માપદંડો છે.જે કોઈપણ સમાજ કે વ્યક્તિ માટે એકસરખા હોય છે..દુનિયામાં લાગણી,પ્રેમ,સહકાર, પરોપકાર આ બધું જ પ્રવર્તે છે..ચોક્કસ સમયે એ બધાનો અનુભવ આપણને થતો રહે છે..એ બધાં શાશ્વત મૂલ્યોનો કારણે જ આપણે ટકી શકીએ છીએ..આકસ્મિકતા અને અચંબો એ પણ જિંદગીનાં વિસ્મયકારક પરિબળો છે એની પણ ના નહી કહી શકાય..પણ કોઈ આવીને તમારો દરવાજો ખટખટાવી જાય કે કોઈ પોતાના ખભા ઉપર બેસાડી આપણને જગતની સહેલગાહ કરાવે એવું માની લેવું એ ભ્રામકતા છે..માણસે આકરી તાપણીમાં તપીને પુરવાર થવું પડે છે.એ પછી જ કોઈ ચમત્કાર સર્જાતો હોય છે.

આપણે સહુ કોઈકની જિંદગીની એકાદ રસપ્રદ કે સનસનાટીભરી વાતને એની સમગ્ર જિંદગીનો અર્ક સમજી લઈએ છીએ.આમ કરવામાં જ આપણે સત્યને પામવાથી દૂર રહી જઈએ છીએ..દયા,અનુકંપા, લાગણી,વફાદારી કે નિસ્વાર્થ મદદ એ બધાનું આપણા જીવનમાં એક ચોક્કસ સ્થાન જરૂર છે..અણધાર્યા વળાંક જેવી ઘટનાઓ કયારેક આપણા જીવનની દિશા નક્કી કરવામાં કે એને ઘાટ આપવામાં નિર્ણાયક પુરવાર પણ થતી હોય છે..પરંતું જેમ ઉત્કૃષ્ટ બિયારણ દરેક જમીનમાં લ્હેરાઈ ઉઠતું નથી એમ આવી ઘટનાઓ દરેકના જીવનને નવી દિશા આપતી નથી..માણસને એનો પુરૂષાર્થ અને આવડત જ માન્યતા અપાવે છે એ હકિકત જ એક વૈજ્ઞાનિક પૂરાવા જેવી છે..

આદર્શ અને વાસ્તવની કશ્મકશ એ જીવનનો ઘટનાક્રમ છે... કેટલીક વાતો ફકત સાંભળવા જેવી હોય છે... કેટલીક ગાથાઓ ફકત મમળાવવા જેવી હોય છે... ઘણી બધી ઘટનાઓ આપોઆપ દરેકના જીવનમાં બનતી રહે છે..અમુક પ્રસંગો કે બનાવો ઘણીવાર તમારામાં સહજ પડેલી શકિતઓ કે પ્રતિભાનું ઢાંકણ ખોલી નાખે છે..એની ઓળખ કરાવી આપે છે... બસ એટલું જ.જિંદગીના રંગમંચ ઉપર નાટયાત્મકતા એના અનેક રંગો પૈકીનો એક રંગ છે, આખું નાટક નથી..